# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
## જૂનાગઢ – ૩૬૨ ૦૦૧

વંચાણે લીધા: (૧) આ કચેરીના પરિપત્ર ક્રમાંક:જુકૃયુ/રજી/એડીએમ-૩.૧/૨૦૨૬(૪)/૧૧૮૨૨-૮૨૪/૨૦૨૬ તા.૧૬/૦૯/૨૦૨૬
(૨)નાયબ સચિવ(સંકલન),સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક :**GAD/MSM/e-file/1/2026/5209/CO-ordination** તા.૧૪/૦૯/૨૦૨૬
(૩)સેક્શન અધિકારીશ્રી(મ.૩), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઇ-મેઇલ તા.૧૮/૦૯/૨૦૨૬.

**"સેવા સંકલ્પ અભિયાન" કાર્યક્રમના આયોજન અને અમલીકરણ બાબત..**

## – :: પરિપત્ર :: –

આથી આ યુનિવર્સિટી હેઠળના તમામ વિભાગીય વડાશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધા (૧) થી આગામી તા.૨૩/૦૯/૨૦૨૬ના રોજ **"સેવા સંકલ્પ અભિયાન"** કાર્યક્રમનું આયોજન કરવા જણાવેલ. પરંતુ વંચાણે લીધા (૨) અને (૩) થી આ યુનિવર્સિટીની દરેક કચેરીઓમાં **"સેવા સંકલ્પ અભિયાન"** અંતર્ગત "સફાઇ ઝુંબેશ'' તા.૨૩/૦૯/૨૦૨૬ ના રોજ હાથ ધરવાની રહેશે તેમજ તા. ૧૭/૦૯/૨૦૨૬ થી તા. ૧૭/૧૦/૨૦૨૬ દરમ્યાન રાજયવ્યાપી "સેવા સંકલ્પ અભિયાન" ના આયોજન અને તેનું અમલીકરણ કરવા પરિપત્રથી જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

જે અંતર્ગત આ યુનિવર્સિટીમાં તા.૨૩/૦૯/૨૦૨૬ થી તા. ૧૬/૧૦/૨૦૨૬ દરમ્યાન આ સાથે સામેલ પરિશિષ્ટ -૨ મુજબનું આયોજન કરવામાં આવેલ છે. તે મુજબ આ યુનિવર્સિટીના દરેક કચેરીના વડાશ્રીઓએ કચેરીઓ તથા તેની આસપાસ પરિસરની સ્વચ્છતા,સુઘડતા અને સ્વચ્છ કાર્યપર્યાવરણ જળવાઇ રહે તે હેતુથી **"સેવા સંકલ્પ અભિયાન"** અંતર્ગત **"સફાઇ ઝુંબેશ"**હાથ ધરવા આથી જણાવવામાં આવે છે અને દરેક કચેરીના વડાશ્રીઓએ ચૂસ્તપણે તેનો જરૂરી અમલ કરવાનો રહેશે તેમજ કચેરીમાં હાજર રહેલ તમામ કર્મચારીઓએ જાતે જ સફાઇ ઝુંબેશ માં જોડાવાનું રહેશે. દરેક કચેરીમાં હાજર રહેલ આઉટ સોર્સીંગ ઇસમો તથા અભ્યાસ કરતાં વિધાર્થીઓને પણ સદર કાર્યક્રમમાં જોડાવાના રહેશે.

વધુમાં જણાવવાનું કે, દરેક કચેરીના વડાશ્રીએ આ યુનિવર્સિટીના કન્વીનર, કેમ્પસ બ્યુટીફીકેશન કમીટી,નોડલ અધિકારી,સ્વચ્છતા મિશન અને પ્રાધ્યાપક અને વડા,કૃષિ વિજ્ઞાન વિભાગ,જુ.કૃ.યુ.,જૂનાગઢની કચેરીને સદર કામગીરીનો અહેવાલ(પરિશિષ્ટ-૨ મુજબ) ફકત સોફ્ટકોપી (MS WORD)માં કચેરીના ઈ-મેઇલ (agronomy@jau.in) માં ફોટોગ્રાફસ સાથે મોકલી આપવાનો રહેશે અને તેની નકલ આ કચેરીની એડીએમ-૩.૧ શાખાને (adm31@jau.in) મોકલી આપવાની રહેશે. નોડલ અધિકારી અને પ્રાધ્યાપક અને વડા,કૃષિ વિજ્ઞાન વિભાગએ કામગીરીની વિગતો નિયત નમૂનામાં (પરિશિષ્ટ-૨) મુજબ તૈયાર કરી માત્ર સોફ્ટ કોપી **(adm31@jau.in)**માં આ કચેરીને મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

પ્રસ્તુત પરિપત્ર અત્રેની કચેરીની ફાઇલ ઉપર માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

**કુલસચિવ**

**સામેલ :** વંચાણે લીધા પત્રોની નકલ

જા.નં.જુકૃયુ/રજી/એડીએમ-૩.૧/૨૦૨૬(૪)/૧૨૨૭૧-૮૧૩/૨૦૨૬ જૂનાગઢ તા. ૧૯/૦૯/૨૦૨૬

**નકલ જય ભારત સાથ રવાના :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
૨. સંશોધન નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ... તરફ આપશ્રીના તાબા હેઠળના તમામ સંશોધન કેન્દ્રોમાં સદર કામગીરી બાબતે ચૂસ્તપણે અમલ કરાવવાનો રહેશે.
૩. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ... તરફ આપશ્રીના તાબા હેઠળના તમામ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં સદર કામગીરી બાબતે ચૂસ્તપણે અમલ કરાવવાનો રહેશે.
૪. પ્રાધ્યાપક અને વડા,કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ...તરફ જાણ તેમજ સદર કામગીરી અંગેનો અહેવાલ સમયસર અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે.
૫. અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.
૬. નિયામકશ્રી, આઇ.ટી. સેલ., જૂ.કૃ.યુ., જૂનાગઢ તરફ યુનિવર્સિટીના દરેક કચેરી વડાશ્રીઓને ઈ-મેઈલ મારફત તથા વેબસાઇટ પર પરિપત્રીત કરવા સારૂ.

## પરિશિષ્ટ-૨

## "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત સ્વચ્છતા સેવા યોગદાન કાર્યક્રમનું માહિતી પત્રક

વિભાગનું નામ : જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
તા.૧૮/૦૯/૨૦૨૬

| ક્રમ | સ્વચ્છતા માટે પસંદ કરેલ સ્થળ | ટીમોની સંખ્યા | ટીમોમાં કર્મચારી/અધિકારી ઓની કુલ સંખ્યા | ઘન કચરાનો નિકાલ (ટનમાં) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | યુનિવર્સિટી ભવન તેમજ લાયબ્રેરી, એકઝામીનેશન હોલ, આઇ.ટી. સેલ, સ્ટુડીયો, રમત-ગમત ગ્રાઉન્ડ, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ, હેલ્થ સેન્ટર, જીમનેશીયમ, મ્યુઝીયમ તથા કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી. (સવારના ૦૯:૦૦ કલાકેથી) તા.૨૩/૦૯/૨૦૨૬ | ૧૦ | ૫૦ | | |
| ૨ | કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ તથા મોરબી તેને સંલગ્ન વિભાગો તથા તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૨૪/૦૯/૨૦૨૬ | ૧૫ | ૧૫૦ | | |
| ૩ | કૃષિ ઇજનેરી અને તકનીકી મહાવિદ્યાલય, જૂનાગઢ તથા તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૨૫/૦૯/૨૦૨૬ | ૫ | ૫૦ | | |
| ૪ | બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ તથા તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૨૮/૦૯/૨૦૨૬ | ૫ | ૫૦ | | |
| ૫ | પી.જી.આઇ.એ.બી.એમ. મહાવિદ્યાલય, જૂનાગઢ તથા તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૨૯/૦૯/૨૦૨૬ | ૨ | ૨૦ | | |
| ૬ | પોલીટેકનીક ઇન એગ્રી. સીદસર(હાલ-જૂનાગઢ) અને તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૩૦/૦૯/૨૦૨૬ | ૧ | ૫ | | |
| ૭ | પોલીટેકનીક ઇન એગ્રો પ્રોસેસીંગ, જૂનાગઢ અને તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૦૧/૧૦/૨૦૨૬ | ૧ | ૫ | | |
| ૮ | પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચર અને તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૦૩/૧૦/૨૦૨૬ | ૧ | ૫ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | જુનાગઢ કેમ્પસ ખાતેના સંશોધન કેન્દ્રો તા.૦૫/૧૦/૨૦૨૬ | ૫ | ૫૦ | | |
| ૧૦ | કૃષિ મહાવિદ્યાલય,મોટા ભંડારીયા, જી. અમરેલી, અને તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૦૬/૧૦/૨૦૨૬ | ૫ | ૨૫ | | |
| ૧૧ | અસ્પી કૃષિ મહાવિદ્યાલય, પોરબંદર તથા તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૦૭/૧૦/૨૦૨૬ | ૪ | ૨૦ | | |
| ૧૨ | કૃષિ મહાવિદ્યાલય,જામનગર, (હાલ-તરઘડીયા) તથા તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૦૮/૧૦/૨૦૨૬ | ૩ | ૧૫ | | |
| ૧૩ | આચાર્યશ્રી, પોલીટિકનીક ઈન એગ્રી સાયન્સ, ધારી તથા તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૦૯/૧૦/૨૦૨૬ | ૧ | ૫ | | |
| ૧૪ | આચાર્યશ્રી, પોલીટિકનીક ઈન એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ, તરઘડીયા તથા તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૧૨/૧૦/૨૦૨૬ | ૧ | ૫ | | |
| ૧૫ | આચાર્યશ્રી, પોલીટિકનીક ઈન હોર્ટીકલ્ચર, હળવદ તથા તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૧૩/૧૦/૨૦૨૬ | ૧ | ૫ | | |
| ૧૬ | આચાર્યશ્રી, પોલીટિકનીક ઈન એગ્રી સાયન્સ, અમરેલી તથા તેને સંલગ્ન બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ તા.૧૪/૧૦/૨૦૨૬ | ૧ | ૫ | | |
| ૧૭ | જૂનાગઢ કેમ્પસ સિવાયના સંશોધન કેન્દ્રો તા.૧૫/૧૦/૨૦૨૬ | ૧૪ | ૭૦ | | |
| ૧૮ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો તા.૧૬/૧૦/૨૦૨૬ | ૭ | ૩૫ | | |

કુલસચિવ

Registrar Jau <registrar@jau.in>

# વિભાગ/ખાતાના વડાની કચેરી/જિલ્લા કક્ષાએ "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત "સફાઇ ઝુંબેશ"તા.૨૩/૦૯/૨૦૨૬ના રોજ હાથ ધરવા બાબત.

1 message

**Jui Rathod (GoG- Agriculture Dept.)** <so-m3-agri@gujarat.gov.in> Fri, Sep 18, 2026 at 2:08 PM

To: Anand Agri Uni <registrar@aau.in>, "Dr. N.B.Prajapati" <jd-gsawb-gnr@gujarat.gov.in>, APMC director <director.apmc2018@gmail.com>, ATMA <sameti.gujarat@gmail.com>, "B J Paramar ( Gusheel )" <gswdcgandhinagar@yahoo.com>, "Shri H M Chavada (GoG- Agriculture Dept.)" <dir-bag@gujarat.gov.in>, "R P Rajput (GoG-Agri Dept.)" <md-gsscl@gujarat.gov.in>, Beej Pramanan Niyamak <gssca80@gmail.com>, Beej Pramanan tech 5 <gsscatech5@gmail.com>, "Bharat Joshi ( GoG- Agriculture Dept. ) Registrar Of Co-operative" <rcs@gujarat.gov.in>, Co-Operative Tribunal <gsctribunal@gmail.com>, "DIR-AH-GUJ(GoG-Agriculture Dept.)" <dir-anml@gujarat.gov.in>, "Dr. H N Kher ( Registrar SDAU )" <registrar@sdau.edu.in>, "Dr. P P Patel ( agri council )" <saucouncil@gmail.com>, gauseva and gauchar <gauseva.gov@gmail.com>, GOPCA <dirgopca@gmail.com>, gsamboard2017 <gsamboard2017@gmail.com>, "Sanket K. Joshi" <md-gsld@gujarat.gov.in>, "GSWC ltd.." <aogswc@yahoo.co.in>, "Guj. Central Fisheries Ltd" <gujaratfisheries@yahoo.com>, Junagadh agri uni <registrar@jau.in>, Kamdhenu University Registrar <registrar@kamdhenuuni.edu.in>, Live stock Development Board <gldb.gandhinagar@gmail.com>, "M D GAICL(GoG-Agriculture Dept.)" <md-gaic-gnr@gujarat.gov.in>, Natural Farming Board Prakrutik Krushi Vikas Board <gpkvb.gujarat@gmail.com>, Navsari agri uni <registrar@nau.in>, registrar <registrar@gnfsu.edu.in>, "Shri R P Rajput (GoG- Agriculture Dept.)" <dir-agr@gujarat.gov.in>, sugar director 1 <directorsugar@gmail.com>, "Hitendrakumar N.Patel" <exoff-agri-ahd@gujarat.gov.in>, Veterinary Council <registrar@gvc.org.in>, "Vijaykumar Kharadi IAS (GoG-Fisheries Dept.)" <commi-fisheries@gujarat.gov.in>, "Hetal Gohel(GoG-Agriculture Dept.)" <so-m-agri@gujarat.gov.in>, "NARENDRA VAGHELA (GOG- Agriculture Dept.)" <ds-agri-gnr@gujarat.gov.in>, "Samir Joshi (GOG- Agriculture Dept.)" <dsagri-uni-gnr@gujarat.gov.in>, "Hemesh Maradiya (GoG- Agriculture Dept.)" <ds-bud-agri@gujarat.gov.in>, "Tejendra Patel (GoG-Agriculture Dept.)" <ds-esta-agri@gujarat.gov.in>, "Piyushkumar Rajvanshi (GoG- Agriculture Dept.)" <ds-anihus-agri@gujarat.gov.in>, "Rajesh Joshi(GoG- Agriculture Dept.)" <ds-appeal-agri@gujarat.gov.in>, "V.P. CHAVDA (GoG-Agricultural Dept.)" <ds-coop-agri@gujarat.gov.in>, Kanan Pandya <ds-credit-agri@gujarat.gov.in>, Rajesh Joshi <ds-fisheries-agri@gujarat.gov.in>, "D J Chaudhari ( GoG- Agriculture Dept.)" <so-a-agri@gujarat.gov.in>, "Nitin Modi ( GoG- Agriculture Dept.)" <so-b1-agri@gujarat.gov.in>, "Hetal Gohel GoG-Agri Dept.)" <so-cash-agri@gujarat.gov.in>, "Jui Rathod ( GoG-Agriculture Dept.)" <soit-agri@gujarat.gov.in>, "H.M.Vasava GoG-Agriculture Dept.)" <so-k1-agri@gujarat.gov.in>, "Marut Chavda (GoG- Agriculture Dept.)" <so-k10-agri@gujarat.gov.in>, "Ravji Rabari(GoG-Agri Dept.)" <so-k4-agri@gujarat.gov.in>, "Bhavesh A. Prajapati(GoG- Agriculture Dept.)" <so-k5-agri@gujarat.gov.in>, "Bhavesh Patel (GoG- Agriculture Dept.)" <sok6-agri-gnr@gujarat.gov.in>, "Sunil Patel ( GoG - Agriculture Dept.)" <sok7-agri-gnr@gujarat.gov.in>, "Bhavesh Patel (GoG-Agriculture Dept.)" <so-k8-agri@gujarat.gov.in>, "H.M.Vasava (i/c)" <so-k9-agri@gujarat.gov.in>, "Sujitsinh Sarvaiya (GoG- Agriculture Dept.)" <so-k2-agri@gujarat.gov.in>, "Darshana J. Chaudhari(GoG-Agriculture Dept.)" <so-m2-agri@gujarat.gov.in>, Chetna Chaudhari <som4-agri-gnr@gujarat.gov.in>, "Zarana Trivedi (GoG- Agriculture Dept.)" <so-m1-agri@gujarat.gov.in>, "Mitesh Patel (GoG-Agri Dept.)" <soch-coop-gnr@gujarat.gov.in>, Shailesh Prajapati <so-chh-coop@gujarat.gov.in>, "Mitesh Patel (GoG- Agriculture Dept.)" <so-g-agri@gujarat.gov.in>, Kalpeshkumar Rabari <so-k-coop@gujarat.gov.in>, "Shailesh H. Prajapati (GoG- Agriculture Dept.)" <so-kh-coop@gujarat.gov.in>, "Kamlesh Rabari (GoG- Agriculture Dept.)" <so-p1-agri@gujarat.gov.in>, "Kamlesh Rabari (GoG- Agriculture Dept.)" <so-p2-agri@gujarat.gov.in>, "Pushaba P Zala(GoG-Agri Dept.)" <sop3-agri@gujarat.gov.in>, "Naran Chaudhary ( GoG- Agriculture Dept )" <sot-agri-gnr@gujarat.gov.in>, "Naran Chaudhary (GoG-Agri Dept.)" <so-z-fisheries@gujarat.gov.in>

Cc: "Ankita Jadeja ( GoG- Agriculture Dept. )" <us-cord-agri@gujarat.gov.in>, Samir Joshi <ds-cord-agri@gujarat.gov.in>

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના આ વિભાગના તેમજ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રની (નકલ સામેલ છે) સૂચના મુજબ તા.૨૩/૦૯/૨૦૨૬ના રોજ આપની કચેરી ખાતે "સફાઇ ઝુંબેશ"ની કામગીરી કરવાની રહેશે. જે અંગે થયેલ કામગીરીનો સંકલિત અહેવાલ (સા.વ.વિ.ના પરિશિષ્ટ-૨ મુજબ) સંબંધિત ખાતાના વડા / કચેરીના વડાની મંજૂરીથી અત્રે મોકલી આપવાનો રહેશે તેમજ જનજાગૃતિ વધારવાના આશયથી આ કાર્યક્રમ હેઠળ કરેલ કામગીરીના ઉચ્ચ ગુણવત્તાના ફોટોગ્રાફસ અત્રે દિન-૦૨માં મોકલી આપવાના રહેશે.

રજી-૩.૯ / ૨૦૨૬

Section Officer (M-3)
079-232-50849
Agriculture, Farmers Welfare and co-operation Department

**3 attachments**

**seva sankalp.pdf**
181K

**DFA પરિપત્ર સેવા સંકલ્પ અભિયાન (1).pdf**
117K

**પરિશિષ્ટ-૨ (1).pdf**
97K

આર.સી. મીના, આઈ.એ.એસ.
અગ્ર સચિવ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

નં. પરચ/૧૦૨૦૨૬/૨૬૫/મ-૩
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ગુજરાત સરકાર
સરદાર ભવન, બ્લોક નં. ૫, પહેલો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત
ફોન :- ૯૧-૭૯-૨૩૨ ૫૦૮૦૩
ઈ-મેઈલ : secagri@gujarat.gov.in

**પરિપત્રઃ-**

તારીખ : ૧૮/૦૯/૨૦૨૬

વિષયઃ વિભાગ/ખાતાના વડાની કચેરી/જિલ્લા કક્ષાએ "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત "સફાઈ ઝુંબેશ"તા.૨૩/૦૯/૨૦૨૬ના રોજ હાથ ધરવા બાબત.
સંદર્ભ:- સા.વ.વિ પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2026/5209/Co-Ordination. તા.૧૪/૦૯/૨૦૨૬

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કચેરીઓ તથા તેની આસપાસના પરિસરની સ્વચ્છતા, સુઘડતા અને સ્વચ્છ કાર્યપર્યાવરણ જળવાઈ રહે તે હેતુથી રાજ્યના તમામ વિભાગ/ખાતાના વડાની કાચેરી/જિલ્લાઓમાં "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત "સફાઈ ઝુંબેશ" હાથ ધરવા સૂચના આપવામાં આવે છે.

આ ઝુંબેશ અંતર્ગત જિલ્લા કક્ષાની તથા સંબંધિત કચેરીઓ/સંસ્થાઓના પરિસરમાં નીચે મુજબની કામગીરી હાથ ધરવાની રહેશે:

૧. કચેરી તથા કચેરી પરિસરની સંપૂર્ણ સફાઈ કરવી અને બિનજરૂરી સામગ્રી, કચરો તથા ભંગાર દૂર કરવો.
૨. રેકોર્ડ રૂમ, સ્ટોર રૂમ, પાર્કિંગ વિસ્તાર, કચેરીના પ્રવેશદ્વાર તથા આસપાસના વિસ્તારોની ખાસ સફાઈ કરવી.
૩. લાંબા સમયથી ઉપયોગમાં ન હોય તેવી બિનજરૂરી સામગ્રીની ઓળખ કરી નિયમોનુસાર તેનો નિકાલ કરવાની કાર્યવાહી કરવી.
૪. કચેરી પરિસરમાં સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા તથા શૌચાલયોની સ્વચ્છતા સુનિશ્ચિત કરવી.
૫. કચરાનું સુકો અને ભીનો કચરો અલગ-અલગ એકત્રિત કરી યોગ્ય રીતે નિકાલ કરવાની વ્યવસ્થા કરવી.
૬. કચેરી પરિસરમાં સ્વચ્છતા અંગે કર્મચારીઓમાં જાગૃતિ લાવવા જરૂરી સૂચનાઓ આપવી તથા સ્વચ્છતા જાળવવા માટે જવાબદારી નક્કી કરવી.
૭. શક્ય હોય ત્યાં કચેરી પરિસરમાં વૃક્ષારોપણ/હરિયાળી તથા સુંદરતા વધારવાના જરૂરી પગલાં લેવા.
૮. જિલ્લા કક્ષાના અધિકારીએ વ્યક્તિગત રીતે ઝુંબેશની કામગીરીનું નિરીક્ષણ કરી કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવું.
૯. ઝુંબેશ દરમિયાન હાથ ધરવામાં આવેલી કામગીરીના પૂર્વે અને બાદના ફોટોગ્રાફ્સ તથા સંક્ષિપ્ત અહેવાલ તૈયાર કરવો.
૧૦. વિભાગ/ખાતાના વડાની કાચેરી/જિલ્લા કક્ષાએથી ઝુંબેશની પ્રગતિનો અહેવાલ નિયત ફોર્મેટમાં અત્રે મોકલવાનો રહેશે.

તમામ જિલ્લા અધિકારીઓએ ઉપરોક્ત સૂચનાઓનું પાલન કરી "સફાઈ ઝુંબેશ"ને અસરકારક અને પરિણામલક્ષી રીતે અમલમાં મૂકવા જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

અગ્ર સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ:-
૧. સફાઈ ઝુંબેશની પ્રગતિ અહેવાલનું ફોર્મેટ સા.વ.વિ. ના પરિપત્ર ના પરિશિષ્ટ-૨.

તા.૧૭/૦૯/૨૦૨૬ થી તા. ૧૭/૧૦/૨૦૨૬ દરમિયાન રાજ્યવ્યાપી "સેવા સંકલ્પ અભિયાન" ના આયોજન અને અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: **GAD/MSM/e-file/1/2026/5209/Co-ordination**
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ***e-Sign*** મુજબ.

<u>પ્રસ્તાવના:</u>

રાજ્ય સરકાર દ્વારા તારીખ ૧૭ સપ્ટેમ્બર થી ૧૭ ઓક્ટોબર સુધી વિશેષ "સેવા સંકલ્પ અભિયાન" ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ સક્રિયપણે શ્રમદાન આપીને સ્વચ્છતા અને પર્યાવરણ જતનની ઉત્કૃષ્ટ કામગીરી કરે તે જરૂરી છે.

<u>પરિપત્ર:</u>

આ અભિયાનને સફળ બનાવવા માટે સચિવાલયના તમામ વહીવટી વિભાગો તથા તેમના તાબા હેઠળની કચેરીઓ દ્વારા નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે:

**(૧)** રાજ્ય સરકાર હસ્તકના તમામ વિભાગો દ્વારા આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ તેઓ માટે નિયત કરવામાં આવેલ દિવસે આ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

**(૨)** જે વિભાગ માટે દિવસ નિયત થયેલ હોય તે દિવસે સંબંધિત વિભાગ તેમજ તે વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કક્ષાની કચેરીઓ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

**(૩)** દરેક વહીવટી વિભાગે આ માસિક ઝુંબેશ માટે વિસ્તૃત **Micro-planning** તૈયાર કરીને સામાન્ય વહીવટ વિભાગને મોકલી આપવાનું રહેશે. નિર્ધારિત દિવસે વિભાગના તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ઉપસ્થિત રહી સ્વચ્છતા સેવામાં સક્રિય યોગદાન આપવાનું રહેશે.

**(૪)** અધિકારી/કર્મચારીઓના યોગ્ય જૂથ બનાવી કચેરીના આંતરિક પરિસર, કચેરીનું પ્રાંગણ, જાહેર સ્થળો, ઐતિહાસિક સ્મારકો કે આસપાસના સામાજિક/જાહેર વિસ્તારોની પસંદગી કરી સર્વગ્રાહી સફાઈ કાર્યનું આયોજન કરવાનું રહેશે.

**(૫)** સ્વચ્છતા અભિયાનના સ્થળે જો પર્યાપ્ત પાણી તથા યોગ્ય સુરક્ષા અને જાળવણીની વ્યવસ્થા ઉપલબ્ધ હોય, તો સફાઈ અભિયાનની સાથે વૃક્ષારોપણની પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું અને રોપેલા વૃક્ષોની યોગ્ય જાળવણી થાય તેવી વ્યવસ્થા કરવી.

(૬) આ અભિયાન માટે જિલ્લા કલેક્ટરશ્રી / મ્યુનિસિપલ કમિશનરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જરૂરિયાત મુજબની માહિતી, જરૂરી માર્ગદર્શન, સંકલન તથા વ્યવસ્થા પૂરી પાડવાની રહેશે.

(૭) જનજાગૃતિ વધારવાના આશયથી આ કાર્યક્રમ સંબંધિત ઉચ્ચ ગુણવત્તાવાળા ફોટોગ્રાફ્સ અને વીડિયો સંબંધિત વિભાગના અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ તેમજ અધિકારી/કર્મચારીઓના વ્યક્તિગત સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર યોગ્ય હેશટેગ સાથે શેર કરવાના રહેશે.

(૮) હાથ ધરાયેલ કામગીરીનો સંકલિત અહેવાલ નિયત નમૂનામાં (પરિશિષ્ટ-૨) સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રી સમક્ષ રજૂ કરવાનો રહેશે. સચિવશ્રી દ્વારા સમગ્ર વિભાગનો સંયુક્ત પ્રગતિ અહેવાલ સામાન્ય વહીવટ વિભાગને અચૂક મોકલી આપવાનો રહેશે.

ઉક્ત સૂચનાઓનો તમામ વિભાગો અને સંબંધિત કચેરીઓએ તાત્કાલિક અસરથી ચુસ્ત અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

%બીડાણ: માહિતીનું ફોર્મેટ તથા વિભાગવાર સમયપત્રક

**e-Sign**
(અલ્કેશકુમાર ચૌધરી)
નાયબ સચિવ (સંકલન),
સામાન્ય વહીવટ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક-૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકના ખાતાના વડા તેમજ તાબાની કચેરીઓના ધ્યાને મુકવા અને જરૂરી અમલીકરણ સારૂ.)
- લોકાયુક્તશ્રી, લોકાયુક્તશ્રીની કચેરી, સેક્ટર-૨૧, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેક્ટર-૨૧, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સિલેક્ટ ફાઈલ (સંકલન-શાખા)-૨૦૨૬.

Signature Not Verified
Signed by: Alkesh Chaudhari
Deputy Secretary
Date:2026.09.14
11:52:13 +5:30

# પરિશિષ્ટ-૦૨

## "સેવા સંકલ્પ અભિયાન" અભિયાન અંતર્ગત સ્વચ્છતા સેવા યોગદાન કાર્યક્રમનું માહિતી પત્રક

વિભાગનું નામ:

તારીખ:

| ક્રમ | સ્વચ્છતા માટે પસંદ કરેલ સ્થળ | ટીમોની સંખ્યા | ટીમોમાં કર્મચારી/અધિકારીઓની કુલ સંખ્યા | ઘન કચરાનો નિકાલ (ટનમાં) | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |